

# G.O.A.T લિયોનલ મેસીનુ ઈન્ટરનેશનલ ફૂટબોલને ‘બાય બાય’

**આ**ર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનલ મેસીએ સોમવારે ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી પોતાની નિવૃત્તિની જાહેરાત કરી છે. આ સાથે જ તેમની 21 વર્ષની રાષ્ટ્રીય ટીમની સેવાઓનો અંત આવ્યો છે. 2022માં કતારમાં રમાયેલો વર્લ્ડકપ જીતીને તેણે રમતના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓની યાદીમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. 39 વર્ષીય મેસીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું, આ એક એવો નિર્ણય હતો જેણે તકલીફ આપી છે અને હજુ પણ ઊંડે સુધી તકલીફ આપી રહ્યો છે પરંતુ હું સમજુ છું કે સમય આવી ગયો છે.

મેજર લીગ સોકર (MLS) માં ઈન્ટર મિયામી ક્લબ વતી રમવાનું ચાલુ રાખનારા મેસીએ રેકોર્ડ બરાબરી કરતા 6 વર્લ્ડકપમાં ભાગ લીધો છે. કતારમાં યોજાયેલી ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને તેણે 4 વર્ષ પહેલાં વર્લ્ડકપ જીત્યો હતો. આ ઉપરાંત, તેણે 2014માં અને આ વર્ષે પણ આર્જેન્ટિનાને ફાઈનલ સુધી પહોંચાડ્યું હતું, જ્યાં ન્યૂ જર્સી ખાતે રમાયેલી ફાઈનલમાં વધારાના સમયમાં આર્જેન્ટિનાનો સ્પેન સામે પરાજય થયો હતો.

મેસી એ સર્વકાલીન મહાન ખેલાડી તરીકે પોતાના દેશબંધુ જેની સાથે તેની વારંવાર સરખામણી કરવામાં આવતી હતી તે ડિએગો મારાડોના અને બ્રાઝિલના મહાન ખેલાડી પેલેની હરોળમાં ઊભો છે. ઘણા લોકો માટે તો તે જ શ્રેષ્ઠ છે. મેસી આર્જેન્ટિના માટે 207 મેચ રમીને 125 ગોલ સાથે દેશના સર્વકાલીન સર્વોચ્ચ ગોલકરનાર ખેલાડી તરીકે નિવૃત્ત થયો, જેમાંથી 21 ગોલ વર્લ્ડકપમાં આવ્યા હતા. પુરૂષોની ઈન્ટરનેશનલ મેચોમાં માત્ર એક જ ખેલાડી તેનો ચિરપ્રતિદ્વંદ્વી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, 146 ગોલ સાથે તેનાથી વધુ ગોલ ધરાવે છે અને તેમણે હજુ સુધી પોર્ટુગલ તરફથી નિવૃત્તિની જાહેરાત કરી નથી.

મેસી તાજેતરમાં અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં યોજાયેલા વર્લ્ડકપ દરમિયાન એક મહિના માટે ઓલ-ટાઈમ લીડિંગ વર્લ્ડ કપ સ્કોરર બન્યો હતો. પરંતુ વર્લ્ડકપ પુરો થતાં સુધીમાં તે ફ્રાન્સના કિલિયન એમ્બાપ્પેથી એક ગોલ પાછળ રહ્યો હતો. વર્લ્ડકપ ફાઈનલના બે દિવસ પછી જ મેસીએ નિર્ણય લઈ લીધો હતો એક લાંબી સોશિયલ મીડિયા પોસ્ટમાં મેસીએ સ્પષ્ટતા કરી હતી કે તેણે 21 જુલાઈના રોજ વર્લ્ડકપ ફાઈનલના બે દિવસ પછી પોતાનો નિવૃત્તિ પત્ર લખી લીધો હતો. પરંતુ તેને પ્રકાશિત કરવામાં વિલંબ કર્યો કારણ કે તેમના પિતા સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. મેસીના પિતા જ્યોર્જનું 8 ઓગસ્ટે તેમના વતન રોસારિયોમાં નિધન થયું હતું.

2005ના ‘વર્લ્ડ અંડર-20 ચેમ્પિયનશિપ’માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યાના બે મહિના પછી 18 વર્ષની ઉંમરે તેને સીનિયર આર્જેન્ટિના ટીમમાં ડેબ્યૂ કરવાની તક મળી હતી. તેનું પહેલું પ્રદર્શન માત્ર બે મિનિટ જ ચાલ્યું હતું; બુડાપેસ્ટમાં હંગેરી સામે સબ્સ્ટિટ્યૂટ તરીકે ઉતરેલા મેસીને રેડ કાર્ડ બતાવી બહાર મોકલી દેવાયો હતો. તે પછી રાષ્ટ્રીય ટીમ સાથેની તેમની સફર નિરાશાઓથી ભરેલી રહી હતી. લગાતાર ત્રણ મોટી ફાઈનલમાં હાર મળ્યા બાદ 2016માં તેણે આર્જેન્ટિનાની ટીમમાંથી થોડા સમય માટે નિવૃત્તિ પણ લઈ લીધી હતી. પરંતુ આખરે ચાર વર્ષ પહેલાં તેણે વર્લ્ડકપ ટ્રોફી ઊંચકી હતી, જ્યારે આ સમયગાળા દરમિયાન તેણે 2021 અને 2024માં કોપા અમેરિકા ટાઈટલ પણ જીત્યા હતા.

મેસ્સીએ પોતાની વિદાય પોસ્ટમાં લખ્યું કે ‘હું તમને સોગંદ ખાઈને કહું છું કે મેં હંમેશા મારું શ્રેષ્ઠ આપ્યું છે, માત્ર આ છેલ્લાં કેટલાક વર્ષોમાં જ નહીં જ્યારે આપણે બધું જીત્યા, પણ તે પહેલાં પણ. મેં આ જર્સી માટે, તમને ખુશી આપવા માટે અને ફૂટબોલ દ્વારા તમને આર્જેન્ટિનિયન હોવાનો ગર્વ અનુભવાય તે માટે હંમેશા લડત આપી છે અને મેદાન પર મારું સર્વસ્વ ન્યોછાવર કર્યું છે. પોતાના નિવૃત્તિ પત્રમાં મેસીએ એવો કોઈ ઉલ્લેખ નથી કર્યો કે તેઓ કેટલો સમય રમવાનું ચાલુ રાખશે. તાજેતરના વર્લ્ડકપથી સાબિત થયું છે કે તે હજી પણ વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક છે અને હાલમાં જ તેણે વીકએન્ડ પર સીએફ મોન્ટ્રીયલ સામે ઈન્ટર મિયામીની 7-1થી થયેલી જીતમાં 4 ગોલ કરીને એ સાબિત કર્યું હતું.

**ટુ ધ પોઈન્ટ**

આર્જેન્ટિના સાથે મેસીની તાજેતરની ભવ્ય સફળતા લગભગ શક્ય જ ન બની હોત. એક દાયકા પહેલાં, 2016ની કોપા અમેરિકા ફાઈનલમાં ચિલી સામે પેનલ્ટી શૂટઆઉટમાં આર્જેન્ટિનાની હાર થયા પછી મેસીએ રાષ્ટ્રીય ટીમમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી જેમાં એક પેનલ્ટી તે ચૂક્યો હતો. તે પછી મારાડોના અને દેશના રાષ્ટ્રપતિના નેતૃત્વમાં ચાલેલા એક જાહેર અભિયાનને કારણે તેણે પોતાનો નિર્ણય બદલ્યો હતો. લિયોનલ મેસીની કારકિર્દીના શરૂઆતના તબક્કામાં આર્જેન્ટિના સાથે સફળતા સરળતાથી મળી ન હતી. 2010નો વર્લ્ડકપમાં આર્જેન્ટીના ક્વાર્ટર ફાઈનલમાંથી બહાર થતાં તે નિરાશામાં સમાપ્ત થયો. આર્જેન્ટિના 2014માં બ્રાઝિલમાં યોજાયેલા વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચ્યું હતું પરંતુ જર્મની સામે તેનો પરાજય થયો હતો, જેના કારણે મેસી કોઈ મોટી ઈન્ટરનેશનલ ટ્રોફી વિના રહ્યો હતો. ટ્રોફીની તેની રાહનો અંત 2021માં આવ્યો હતો. તે સમયે મેસીએ આર્જેન્ટિનાને કોપા અમેરિકાની સફળતા માટે પ્રેરણા આપી, મારાકાના ખાતે ફાઈનલમાં બ્રાઝિલને હરાવીને તેની પ્રથમ મોટી સિનિયર ઈન્ટરનેશનલ ટ્રોફી જીતી. સમગ્ર અભિયાન દરમિયાન તેણે મહત્વનો ભાગ ભજવી આર્જેન્ટિનાના 12 ગોલમાંથી નવ ગોલ કર્યા અથવા સેટ કર્યા, જેને પગલે તેને ટુર્નામેન્ટનો શ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવ્યો..કતારમાં યોજાયેલા 2022ના ફિફા વર્લ્ડકપમાં, આર્જેન્ટિનાના કેપ્ટન તરીકે મેસીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પોતાના દેશને 1986 પછી પ્રથમ વિશ્વ ખિતાબ અપાવ્યો.મેસીએ મોટી મેચો ન જીતી શકવાના વિચારને ઝાટકીને આર્જેન્ટિના ટીમમાં વાપસી કરી અને બાર્સેલોના, ત્યારબાદ પેરિસ સેન્ટ-જર્મેન (PSG) અને પછી ઈન્ટર મિયામી માટે સતત શાનદાર પ્રદર્શન ચાલુ રાખ્યું.

તે MLSમાં બે વાર MVP (સૌથી મૂલ્યવાન ખેલાડી) રહી ચૂક્યો છે, લીગ ચેમ્પિયન ટીમનો સ્ટાર છે અને એવી વ્યક્તિ છે જે આજે પણ સૌથી મોટી ક્ષણોમાં ગોલ કરવાની તકો ઊભી કરે છે. તે રેકોર્ડ આઠ વખત વિશ્વના વર્ષના સર્વશ્રેષ્ઠ ખેલાડી (વર્લ્ડ પ્લેયર ઓફ ધ યર) પણ રહી ચૂક્યા છે. તાજેતરના વર્લ્ડ કપ દરમિયાન આર્જેન્ટિનાના કોચ લિયોનલ સ્કાલોનીએ કહ્યું હતું કે તે સાક્ષાત ઈતિહાસ છે. એક ઈતિહાસ. એક મહાન દંતકથા છે.



> લિયોનલ મેસી ફૂટબોલ વિશ્વની એક જીવંત દંતકથાએ આર્જેન્ટીનાની રાષ્ટ્રીય ટીમ વતી પોતાની નિવૃત્તિની જાહેરાત કરી છે. ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરનારા મેસીએ આર્જેન્ટીના વતી વર્લ્ડકપ ટાઇટલ જીતવાની સાથે જ સર્વાધિક 207 મેચોમાં 125 ગોલ સાથે સૌથી વધુ ગોલ કરનાર અને દેશના ઇતિહાસમાં સૌથી વધુ કેપ્સ મેળવનાર ખેલાડી બનીને વિદાય લીધી છે.

## આર્યન જુયાલ

### સેન્ટ્રલ ઝોનના વિકેટકીપર બેટ્સમેન માટે રેડ બોલ ક્રિકેટ પડકાર હોવાની સાથે મોટી તક સમાન

**આ**ધુનિક ક્રિકેટના વ્યસ્ત કેલેન્ડરમાં, જ્યાં ફોર્મેટનો સંઘર્ષ ઘણીવાર ખેલાડીઓની ટેકનિક અને માનસિકતાની કસોટી કરે છે, ત્યાં લાલ બોલ ક્રિકેટમાં સતત પોતાને સાબિત કરવું એ કોઈપણ ખેલાડી માટે સૌથી મોટો માપદંડ માનવામાં આવે છે. સતત ત્રીજા વર્ષે પ્રતિષ્ઠિત દુલીપ ટ્રોફી માટે પસંદગી પામ્યા બાદ આર્યન જુયાલ ખૂબ જ ખુશ છે અને સેન્ટ્રલ ઝોન વતી સેમી ફાઈનલ રમ્યો તેમાં તેણે પ્રથમ ઈનિંગમાં 46 રન બનાવ્યા હતા અને ઈસ્ટ ઝોનની ઈનિંગ દરમિયાન ચાલુ મેચે તેના સ્થાને કૃણાલ સિંહ રાઠોરે વિકેટકીપીંગ કરવાનો વારો આવ્યો હતો. જુયાલ બીજા દાવમાં ત્રીજા ક્રમે બેટિંગમાં આવ્યો હતો પણ તેમાં તે માત્ર આઠ રન જ બનાવી શક્યો હતો. જુયાલ થોડા દિવસો પહેલા સુધી UPT20 લીગમાં ગોરખપુર લાયન્સનું નેતૃત્વ કરી રહ્યો હતો, પરંતુ હવે તે રવિવારે દુલીપ ટ્રોફીમાં સેન્ટ્રલ ઝોન માટે પ્રથમ સેમિફાઈનલ રમવા માટે ઉત્સુક છે. UPT20 લીગમાં પણ, જુયાલ જ્યારે પણ સમય મળે ત્યારે લાલ બોલથી પ્રેક્ટિસ કરવાની કોઈ તક ગુમાવતો ન હતો.

આ મેચ પહેલા દુલીપ ટ્રોફી વિશે બોલતા, જુયાલે કહ્યું કે દુલીપ ટ્રોફીમાં હું આ સાથે ત્રીજીવાર રમી રહ્યો છું અને સતત ત્રણ વર્ષથી મારી પસંદગી કરવામાં આવી છે. હું આ તકો માટે આભારી છું. રણજી પછી દુલીપ સૌથી મોટી લીગ છે, તેથી હું ખૂબ સારું અનુભવી રહ્યો છું. જાન્યુઆરી 2018માં, જુયાલને ન્યુઝીલેન્ડમાં અંડર-19 વર્લ્ડકપ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો. તેણે પાપુઆ ન્યુ ગિની સામે ટીમની બીજી મેચમાં ડેબ્યૂ કર્યું, પરંતુ બેટિંગ કરી ન હતી. જોકે, તે પછી તેને કોઈ પણ મેચમાં તક મળી ન હતી. પછીના મહિને, તેણે ઉત્તર પ્રદેશ માટે લિસ્ટ એ ડેબ્યૂ કર્યું. માર્ચ ૨૦૧૯ માં, તેણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ઉત્તર પ્રદેશ માટે ટી-20 ડેબ્યૂ કર્યું. નવેમ્બર 2019માં ઈમર્જિંગ એશિયા કપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદગી થયા પછી, તેને ડિસેમ્બરમાં ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ કરવાની તક મળી.



**ક્રિક ટોક**

દુલીપ ટ્રોફીમાં, જુયાલ સેન્ટ્રલ ઝોન તરફથી રમ્યો. જુયાલ ટીમનો પ્રથમ પસંદગીનો વિકેટકીપર-બેટ્સમેન હતો અને તેને સ્થાનિક ક્રિકેટના કેટલાક શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે રમવાની તેને તક મળી હતી. જુયાલ દુલીપ ટ્રોફીના મોટા મંચ પર દેશના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે ડ્રેસિંગ રૂમ શેર કરવાનો અનુભવ સતત માણી રહ્યો છે, આ ભૂમિકાને તે રમતગમત અને જીવન બંનેમાં અત્યંત મહત્વપૂર્ણ ગણાવે છે. જુયાલ 2022 IPL માટે મુંબઈ ઈન્ડિયન્સ ટીમનો ભાગ હતો અને ત્યારબાદ 2025 માં લખનૌ સુપર જાયન્ટ્સ દ્વારા તેને સાઈન કરવામાં આવ્યો હતો. જ્યારે તે MI માં જોડાયો ત્યારે રોહિત શર્મા ટીમનો કેપ્ટન હતો. તેણે સૂર્યકુમાર યાદવ, કિરોન પોલાર્ડ અને જસપ્રીત બુમરાહ જેવા અનુભવી ખેલાડીઓ સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો. જ્યારે તે LSGમાં જોડાયો ત્યારે ઋષભ પંત ટીમનો કેપ્ટન હતો. તેને અહીં પણ એક પણ મેચ રમવાનો મોકો મળ્યો ન હતો, પરંતુ તે

> દુલીપ ટ્રોફીમાં સેન્ટ્રલ ઝોન વતી રમવાની સતત ત્રીજીવાર તક મળવા બાબતે આર્યન જુયાલે ખુશી વ્યક્ત કરી હતી, જો કે તેનું પ્રદર્શન એટલું સારું રહ્યું નહોતું પણ તે ત્રણેય ફોર્મેટ સતત રમતો રહ્યો છે અને તેમાં પણ લાલ બોલ ફોર્મેટમાં પોતાને મળતી રહેલી તકને તેણે પોતાની કેરિયર અને જીવન માટે મહત્વની ગણાવી હતી

એડન માર્કરમ, મિચેલ માર્શ, નિકોલસ પૂરન અને જોશ ઈંગ્લિસ જેવા આક્રમક વિદેશી બેટ્સમેનોની સાથે હતો.

જુયાલ ત્રણેય ફોર્મેટ રમે છે, પરંતુ લાલ બોલ પ્રત્યેનો તેનો જુસ્સો અલગ છે. તે આ ફોર્મેટમાં સતત રન બનાવી રહ્યો છે અને ઉત્તર પ્રદેશનો કેપ્ટન પણ છે. અત્યાર સુધી, જુયાલે યુપી માટે 47 લિસ્ટ-એ મેચોમાં 51.35 ની સરેરાશથી 2003 રન બનાવ્યા છે, જ્યારે ટી20 માં, તેણે 30 મેચોમાં લગભગ 31 ની સરેરાશથી 706 રન બનાવ્યા છે. 35 ફર્સ્ટ-ક્લાસ મેચોની 50 ઈનિંગ્સમાં, જુયાલે લગભગ 48 ની સરેરાશ સાથે 2183 રન બનાવ્યા છે. લિસ્ટ-એમાં, તેની પાસે છ સદી અને 11 અડધી સદી છે, જ્યારે ફર્સ્ટ-ક્લાસમાં, તેની પાસે આઠ સદી અને આઠ અડધી સદી છે.

## વર્લ્ડકપ હોકી

# ભારત તક ચૂક્યું અને વૈશ્વિક સ્તરે ડચ વર્ચસ્વનો અંત





**સ્પેશિયલ રિપોર્ટ**

**20**26 હોકી વિશ્વકપ તૂટેલા સીમાચિહ્નો, ચૂકેલી તકો અને બદલાતા સમીકરણો માટે યાદ રાખવામાં આવશે; જેમાં આર્જેન્ટિનાએ મહિલા હોકીમાં ડચ (નેધરલેન્ડ્સ) ટીમના લાંબા શાસનનો અંત આણ્યો, જર્મનીએ પુરુષોનો તાજ જાળવી રાખ્યો અને ભારતને ફરી એકવાર તક ગુમાવવાનો અફસોસ રહ્યો. 16 દિવસ સુધી હોકી નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં છવાયેલી રહી. 1998માં ઉટ્રેચ વિશ્વકપ પછી આ પ્રથમ વખત હતું જ્યારે પુરુષો અને મહિલાઓ બંનેની ટૂર્નામેન્ટ એકસાથે, પરંતુ બે અલગ-અલગ દેશોમાં રમાઈ હતી. એમસ્ટેલવીનમાં ઉત્સાહી ચાહકો, સ્ટેડિયમમાં નારંગી રંગના દરિયા અને સંગીત સાથે ઉત્સવ જેવો માહોલ હતો. બીજી તરફ એકાંત ધરાવતા વાવરે ખાણી-પીણી અને વાફલ્સ વચ્ચે ચાહકોને હોકીનો વધુ આત્મીય અને બેલ્જિયન શૈલીનો અનુભવ કરાવ્યો હતો.

### મહિલા હોકીમાં ડચ વર્ચસ્વનો આખરે અંત

મહિલા સ્પર્ધાની સૌથી મોટી વાર્તા ડચ વર્ચસ્વનો અંત હતી. નવ વખતની ચેમ્પિયન અને પેરિસ ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ નેધરલેન્ડ્સની ટીમને ઘરઆંગણે ભરેલા સ્ટેડિયમ વચ્ચે બહાદુર આર્જેન્ટિનાએ સતત ચોથો વિશ્વકપ ટાઈટલ જીતતા રોકી દીધી. ફાઈનલ મેચ નિર્ધારિત 60 મિનિટમાં 1-1થી બરાબરી પર રહી હતી, ત્યારબાદ શૂટઆઉટમાં આર્જેન્ટિના 3-1થી વિજેતા બન્યું હતું. આર્જેન્ટિનાએ અગાઉ ૨૦૧૦માં રોસારિયોમાં આ ટાઈટલ જીત્યું હતું. રોસારિયો એ જ સ્થળ છે જ્યાં મહાન ફૂટબોલર લિયોનેલ મેસીનો જન્મ થયો હતો. બ્રોન્ઝ મેડલ માટેની મેચમાં બેલ્જિયમે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું, જ્યારે પેરિસ ઓલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ ચીન આઠમા સ્થાને રહ્યું. મહિલા ટૂર્નામેન્ટે દર્શાવ્યું કે ટીમો વચ્ચેનો તફાવત હવે કેટલો ઓછો થઈ ગયો છે. બંને સેમિફાઈનલ અને બ્રોન્ઝ મેડલ મેચ માત્ર 1-0ના અંતરથી નક્કી થઈ હતી, જ્યારે ફાઈનલનો નિર્ણય શૂટઆઉટમાં આવ્યો હતો. ડચ ડ્રેગ-ફ્લિકર યિબ્બી જેન્સન આઠ ગોલ સાથે ટોપ સ્કોરર રહી હતી અને તેણે પોતાના 100 ઈન્ટરનેશનલ ગોલ પણ પૂરા કર્યા હતા.

### પુરુષ હોકીમાં ફરી છવાયું જર્મનીનું રાજ

જર્મનીએ ૨૦૨૩માં ભુવનેશ્વરમાં જીતેલું ટાઈટલ જાળવી રાખ્યું અને વાવરેના બેલ્ફિયસ એરેના ખાતે રમાયેલી ફાઈનલમાં સ્પેનને હરાવ્યું. હોસ્ટ નેધરલેન્ડ્સને ચોંકાવીને ૧૯૯૮ પછી પ્રથમ વખત ફાઈનલમાં પહોંચેલી સ્પેનની ટીમે જર્મનીને સખત ટક્કર આપી હતી. પરંતુ ૪૪મી મિનિટનો ગોલ અને જર્મનીનો શિસ્તબદ્ધ બચાવ નિર્ણાયક સાબિત થયો, જેણે તેમને ચોથું વિશ્વકપ ટાઈટલ અપાવ્યું અને પાકિસ્તાનની બરાબરી પર પહોંચાડી દીધા. ૨૦૧૮ના ચેમ્પિયન અને સહ-યજમાન બેલ્જિયમ સાતમા સ્થાને રહ્યું, જ્યારે ઓસ્ટ્રેલિયા કોઈ પણ વિભાગમાં પ્રભાવ પાડવામાં નિષ્ફળ રહ્યું.

### ભારતીય મહિલા ટીમે આશા જગાવી

ભારતીય દ્રષ્ટિકોણથી મહિલા ટીમનું અભિયાન સૌથી ઉત્સાહજનક વાર્તા રહ્યું. ચીન સાથે ડ્રો રમીને, દક્ષિણ આફ્રિકાને ૬-૧થી હરાવીને અને ઈંગ્લેન્ડ સામે ડ્રો કર્યા પછી ટીમ માત્ર નેધરલેન્ડ્સ સામે જ હારી હતી. ઓસ્ટ્રેલિયા સામે ગોલરહિત ડ્રો થતાં તેમની સેમિફાઈનલની આશાનો અંત આવ્યો હતો, પરંતુ ભારતે વાપસી કરીને ઉચ્ચ રેન્કિંગ ધરાવતા જર્મનીને પાંચમા સ્થાનની મેચમાં હરાવ્યું - જે ૧૯૭૪ પછી તેમનું શ્રેષ્ઠ વિશ્વકપ પ્રદર્શન છે.ટીમમાં ૧૧ ડેબ્યૂ કરનાર ખેલાડીઓ હોવા છતાં આ સિદ્ધિ ખાસ કરીને પ્રભાવશાળી હતી. ઈંગ્લેન્ડ સામેની મેચની છેલ્લી ૩૦ સેકન્ડમાં યુવા ગોલકીપર બીછુ દેવીનો અદ્ભુત સેવ ટૂર્નામેન્ટની સૌથી યાદગાર ક્ષણોમાંની એક હતો, જ્યારે સવિતા પુનિયાના અનુભવે મહત્વપૂર્ણ સંતુલન પૂરું પાડ્યું હતું. પરિણામ કરતાં વધુ ભારતનો નિડર અભિગમ, સુધારેલું ડિફેન્સ અને વધતો વિશ્વાસ દર્શાવે છે કે આ યુવા ટીમ વિશ્વની શ્રેષ્ઠ ટીમોને પડકારવા માટે સક્ષમ છે.

> બેલ્જિયમ અને નેધરલન્ડમાં રમાયેલા હોકી વર્લ્ડકપ 2026 દરમિયાન ભારતીય હોકીની મહિલા અને પુરુષ બંને ટીમો ફરી એકવાર તક ચૂકી ગઇ અને તેનો અફસોસ તેમને લાંબો સમય સુધી રહી શકે તેમ છે. આ હોકી વર્લ્ડકપમાં બીજી એક મહત્વની વાત એ રહી કે લાંબા સમયથી મહિલા હોકી પર ચાલતા નેધલલેન્ડના વર્ચસ્વનો અંત આવ્યો છે. મહિલાઓમાં આર્જેન્ટીના અને પુરુષોમાં જર્મની ચેમ્પિયન બન્યું

### ભારતીય પુરુષ ટીમ સામે સવાલો ઊભા થયા

બીજી તરફ, પુરુષોની ટીમ પાંચ દાયકાથી વધુ સમય પછી પણ વિશ્વકપ મેડલ જીતવાના પોતાના સ્વપ્નથી ફરી એકવાર વંચિત રહી. ભારતે કેટલીક સારી ક્ષણો દર્શાવી પરંતુ સમગ્ર ૬૦ મિનિટ દરમિયાન તેઓ સાતત્ય જાળવવામાં અસમર્થ રહ્યા.

ડિફેન્સની ભૂલો, લીડ લીધા પછી ગોલ ખાવાની આદત અને કેપ્ટન હરમનપ્રીત સિંહ પર વધુ પડતી નિર્ભરતા તેમને ભારે પડી. કેટલાક વરિષ્ઠ ખેલાડીઓ અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા નહીં અને પસંદગીના કેટલાક નિર્ણયો પર સવાલો ઊભા થયા. આવતા મહિને જાપાનમાં યોજાનાર એશિયન ગેમ્સ અને આગામી ઓલિમ્પિક સાયકલને જોતાં ભારતીય પુરુષ હોકી ટીમ એક મહત્વપૂર્ણ બદલાવના તબક્કામાં પ્રવેશતી જણાય છે.

ભારત માટે આ ટૂર્નામેન્ટે બે વિપરીત સંદેશા આપ્યા. મહિલા ટીમ નવેસરથી વિશ્વાસ સાથે પાછી ફરી રહી છે કે મેડલ હવે તેમની પહોંચમાં છે. પુરુષ ટીમ એ જાણીને પરત ફરી રહી છે કે પ્રતિભા અને નામના સાથે સાતત્ય, ઊંડાઈ અને યોગ્ય યોજના પણ હોવી જરૂરી છે. એકંદરે વિશ્વકપે દર્શાવ્યું કે ટોચની ટીમો વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે અને આધુનિક ટેક્નોલોજી તથા સપોર્ટ હોવા છતાં, આ રમત હજુ પણ ૬૦ મિનિટ સુધી સારું અને શિસ્તબદ્ધ હોકી રમવા વિશે જ છે. ઓલિમ્પિક હોકી ઈતિહાસમાં સૌથી સફળ ટીમ (ભારત) માટે વિશ્વકપમાં એ જ સફળતા પુનરાવર્તિત ન કરી શકવી એ આજે પણ એક વણઉકેલાયેલી કોયડો છે.